आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः

भारतीय विचार मंच

# વિચાર સંદેશ

વર્ષ : 1 * અંક : 10 * એપ્રિલ 2022 * યુગાબ્દ 5123

## આ અંકમાં...

- ક્રિપ્ટોકરન્સીની વાસ્તવિકતાઓ અંગે યુવા વિમર્શ.
- બે ઉત્કૃષ્ટ પુસ્તકોનું વિમોચન અને પ્રાસંગિક વાર્તાલાપ.
- સ્વાધીનતા સંગ્રામ : ભારતનો સ્વત્વ માટેનો સંઘર્ષ.
- વિભિન્ન કેન્દ્રો ઉપર, વિવિધ વિષયોને લઈને વિચાર ગોષ્ઠિ.









# વિચાર સંદેશ

વર્ષ : 1   અંક : 10
એપ્રિલ 2022   યુગાબ્દ 5123

**સંપાદક**
પંકજ પુરોહિત

લે-આઉટ અને ડિઝાઇન
વૈભવસિંહ ઠાકોર

## સંપાદકીય

ભારતીય સંસ્કૃતિના આદિ આવિષ્કર્તાઓએ પ્રારંભથી જ કોઈ એક પ્રમાણ તથ્યને મહત્વ ન આપતાં બુદ્ધિને જ ધર્મ અને સંસ્કૃતિ માટે નિર્ણાયક બનાવી. વિવેક અને જ્ઞાન ભારતીય સંસ્કૃતિનો આત્મા છે. બૌદ્ધિક આધારશીલા પર જ્ઞાનની શોધ અને તેનો સર્વાંગીણ વિકાસ એ આપણા રાષ્ટ્રની એક વિશેષતા રહી છે.

વ્યવસાયિક ભ્રષ્ટાચારી જ્યાં રાષ્ટ્રનું શારીરિક સ્વાસ્થ્ય નષ્ટ કરે છે ત્યાં અકલ્યાણકારી લેખક રાષ્ટ્રનું માનસિક, બૌદ્ધિક તથા આત્મિક સ્વાસ્થ્ય નષ્ટ કરે છે. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના ઇતિહાસ લેખન સાથે આવું જ બન્યું. તેના માટે ઉપચારાત્મક પ્રયત્નો, એટલે કે ભારતીય ઇતિહાસનું ભારતીય દ્રષ્ટિથી લેખન તથા જાહેર વિમર્શની દિશામાં આ મહિને મંચે આગળ ધપાવેલા ઉપક્રમોની માહિતી આ અંકમાં આપને મળી શકશે.

વૈચારિક કાર્ય વિસ્તાર હેતુ સુનિશ્ચિત કરેલા લક્ષ્યાંકો તરફ, વિવિધ ઉપકરણોનું સંખ્યાત્મક તથા ગુણાત્મક સંતુલન જાળવીને મંચ આગળ વધી રહ્યો છે. શાશ્વત વિષયોની સાથે સાથે લોકમાનસમાં ઉત્સુકતા જગાડનાર તથા રાષ્ટ્રભરમાં એક જુવાળ ઊભો કરનાર સાંપ્રત વિષયો ઉપર પણ અભ્યાસપૂર્ણ અને તટસ્થ વિમર્શ મૂકવાનો નિત્યક્રમ પણ મંચે જાળવી રાખ્યો.

વિશુદ્ધ ભારતીય વિચારના પુનરુત્થાનના યુગકાર્યમાં લાગેલા કાર્યકર્તાઓનું અનુભવ કથન પણ પ્રોત્સાહિત કરનારું છે. જેમ કે, વિચારના કાર્યપાલન માટે પોષક એવી અધ્યયનશીલતા અનેક નવી ક્ષિતિજોનાં દર્શન કરાવે છે...નિશ્ચયાત્મક વિચારોથી જ નિર્માણ શક્તિનો વિકાસ થાય છે...

વિચારોને જેટલી તીવ્રતા અને નિષ્ઠા સાથે જેટલો અધિક સમય મસ્તિષ્કમાં નિવાસ કરવાનો અવસર મળે છે તેટલા જ પ્રમાણમાં મનોભૂમિ ઉપર તેના પ્રભાવની  પ્રબળતા વધતી જાય છે. આના અનુસંધાનમાં જ ઉપયુક્ત એક સુભાષિત સાથે પ્રણામ.

विचारात् ज्ञायते तत्व तत्वाद्विश्रान्तिरात्मनि । ( योगवशिष्ठ २/१४/५३ )

અર્થાત્

વિચારથી તત્વદર્શન થાય છે અને તેનાથી આત્મશાંતિ ઉપલબ્ધ થાય છે.

**3**

સહચિંતન

**7**

'વિનાશપર્વ' તેમજ 'હિંદુત્વ'
પુસ્તકોનું શ્રી અરુણકુમારના હસ્તે વિમોચન

**16**

કેન્દ્રશઃ કાર્યક્રમો

**38**

પુસ્તક પરિચય

**40**

વિચાર બોધ



आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः

भारतीय विचार मंच

# વિચાર સંદેશ

માસિક



**વ્યવસ્થાપક**

જ્વનિલ દ્વિવેદી
ભારતીય વિચાર મંચ, ૪, મયુર ચેમ્બર, ગાંધીગ્રામ રેલ્વે સ્ટેશન સામે, એલિસબ્રિજ,
અમદાવાદ – ૩૮૦૦૦૯

ઈ મેઈલ :
bvmguj@gmail.com

7405862697

# સહચિંતન

આજે વિશ્વકલ્યાણક હિંદુ નવ વર્ષ અને જેમની પ્રેરણાથી એક હજાર વર્ષના વિકટ સંઘર્ષ અને ગુલામીમાંથી ભારતને ફરીથી સર્વશક્તિમાન અને પરમવૈભવસંપન્ન બનાવવાનો સંકલ્પ લઈ આપણા જેવા લક્ષાવધી હિંદુ બંધુઓ સમાજજીવનમાં વિશ્વકલ્યાણક, સર્વસમર્થ, શક્તિસમ્પન્ન ભારતને આરાધ્ય માની કાર્ય કરી રહ્યા છે અને આ ઇશ્વરીય કાર્યની સિદ્ધિ માટે અક્ષરશ: રક્તનું પાણી કરનારા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના આદ્યસરસંઘચાલક ડૉક્ટર હેડગેવારજીનો (જેમના જન્મદિવસને પ્રાકટ્યદિવસ કહેવામાં પણ મને ખુશામત કે અતિશયોક્તિ નથી લાગતી) જન્મદિવસ છે. જેમને માટે તેમની પ્રેરણાથી તેમના માર્ગ પર ચાલતા કવિએ કાવ્યમાં કહ્યું 'रक्त के प्रत्येक कण को हाय पानी सा सुखाया' અને ચિકિત્સાશાસ્ત્રની દ્રષ્ટિથી તેમની અંતિમ બિમારી વખતે ચિકિત્સકો દ્વારા કરાએલાં લંબર પંક્ચરમાં અક્ષરશ: રક્તને બદલે અકલ્પ્ય પ્રમાણમાં પાણી જ નિકળ્યું એવા ડૉક્ટર હેડગેવારનાં જીવન અને કાર્યમાંથી પ્રેરણા લઈ તેમના દ્વારા પ્રેરિત માર્ગે ચાલવાનો સંકલ્પ લઈ પરમવૈભવસંપન્ન રાષ્ટ્રપુનર્નિર્માણ માટે કૃતસંકલ્પ બંધુઓ સમાજજીવનનાં અનેક ક્ષેત્રોમાં ગત ૯૭ વર્ષથી કાર્ય કરી રહ્યા છે. તેમની તપશ્ચર્યા અને ત્યાગનાં ફલસ્વરૂપે આજે હિંદુત્વવિજય અને રાષ્ટ્રવિજયનાં અનેક ઉદાહરણોનાં દર્શન અને અનુભૂતિ સમાજ કરી રહ્યો છે. આપણા સદ્ભાગ્યે આપણે પણ આ વિજયયાત્રાના માત્ર પ્રેક્ષક નહીં પણ સહભાગી છીએ એટલે આજે આપણે એ જ દિશામાં ચિંતન કરીશું.

શૂન્યમાંથી નવનિર્માણનો સંકલ્પ લેનારા કાર્યકર્તાઓ સામે આપણો ચીરપરિચિત આદર્શ છે ભગવાન શ્રી રામ અને તેમનો લંકાવિજય. એ અનુપમેય જેની સરખામણી બીજા કશાની સાથે થઈ શકતી નથી એવી આપણા હજારો વર્ષના ઇતિહાસમાં ત્રણ વસ્તુઓ ગણાય છે. એ ત્રણ વસ્તુઓ છે, આકાશ, (સમુદ્ર)સાગર અને રામરાવણયુદ્ધ. આનું વર્ણન કરતાં કવિ કહે છે,

गगनं गगनाकारं सागरं सागरोपम

रामरावणयोर्युद्धं रामरावणयोरीव ॥

(આકાશ કેવું છે, તો તે આકાશ જેવું છે. સાગર કેવો છે, તો સાગર જેવો છે અને રામરાવણયુદ્ધ કેવું છે, તો રામરાવણયુદ્ધ જેવું છે. જગતમાં એવી બીજી કોઇ વસ્તુ કે કાર્ય નથી જેની સાથે આ ત્રણેને સરખાવી શકાય)

તેમાં સાગર અને ગગન તો પ્રકૃતિ છે. તેનાં નિર્માણનો યશ તો કોઇ મનુષ્યને આપી શકાય તેમ નથી કે કોઇ મનુષ્ય લઈ શકે તેમ નથી પણ રામરાવણયુદ્ધ તો એવું નથી. અને એટલે તેના વિજય માટેના યશાપયશનાં તમામ નિમિત્તો મનુષ્ય જ છે. આ મનુષ્યનિર્મિત અનુપમેય યુદ્ધનો યશ કવિ કોને આપે છે ?

સમર્થ કવિ એક જ શ્લોકમાં સંપૂર્ણ યુદ્ધસ્થિતિનું વર્ણન કરે છે, આપણે જાણીએ છીએ કે તે અસમાન શક્તિઓ વચ્ચેનું યુદ્ધ હતું.

विजेतव्या लंका, चरणतरणीयो जलनिधि

विपक्ष पौलत्स्य रणभूमि सहायाश्च कपयः ।

तथाप्येको रामं सकलमवधितराक्षसकुलं

क्रियासिद्धि सत्वे भवति महतां नोपकरणे ॥

**લંકાવિજય માટે નિકળેલી સેના પ્રશિક્ષિત અને સર્વશસ્ત્રોથી સજ્જ સૈનિકોની નહીં પણ પગપાળા ચાલનારી (અને પથ્થરો અને ઝાડનાં થડિયાં લઈને) એવી રીતે સાગરપાર કરનારી  વાનરસેના હતી. જ્યારે શત્રુપક્ષમાં સર્વશક્તિ અને સર્વશસ્ત્રસુસજ્જિત ચતુરંગિણી સેના લઈને ઉભેલો પૌલત્સ્ય (લંકાપતિ રાવણ) હતો તો પણ રામ અને રામસેનાએ સંપૂર્ણ રાક્ષસકુલનો વિનાશ કરી લંકાવિજય કર્યો. આ અશક્યવત વાત કેમ શક્ય બની તે સમજાવતા કવિ કહે છે,**

**'મહાન પુરુષોની કાર્યસિદ્ધિ  ઉપકરણોની વિવિધતા અને વિપુલતા પર નહીં પણ સાત્વિક કારણ અને સત્યસંકલ્પ પર આધારિત હોય છે.'**

**ત્રણ ઉદાહરણો વિચાર માટે મૂકું છું.**

**૧. ગુલામીકાળના અને ભગવદ્કૃપાથી શાસન હાથમાં આવ્યાં પછી પણ ગુલામ માનસિકતામાંથી બહાર નહીં નિકળી શકેલા આપણા જ બંધુઓનાં શાસનકાળને કારણે આપણને મળેલાં શિક્ષણને કારણે જે સિકંદરને આપણે વિશ્વવિજેતા તરીકે જ ઓળખીએ છીએ તે ભારત પ્રવેશ વખતે સીમાપ્રાંતોના નાના નાના રાજાઓ સાથેના યુદ્ધમાં પરાજિત થઈ, ખોખરો થઈ તેની જે સેનાને તે વિશ્વવિજેતા થવા માટેનું યોગ્ય સાધન માનતો હતો તે સેનાના બળવાની બીકથી મગધવિજયનાં સ્વપ્નો ત્યાગ કરી ત્યાંથી જ જલમાર્ગે પાછો ગયો અને રસ્તામાં થતાં છમકલાંમાં ઘાયલ થઈ રાજધાની પહોંચતા પહેલા જ મૃત્યુ પામ્યો તે સિકંદર એ એક ઉજ્જવલ ઉદાહરણ છે. સેનાનો બળવો પણ એટલા માટે થવાની શક્યતા હતી કે સેનાને એ બીક પેસી ગઈ હતી કે આટલાં નાના નાના રાજ્યો સાથેનાં યુદ્ધમાં પણ જો આટલો માર ખાવો પડે છે તો મગધનાં મહારાજ્ય સાથે યુદ્ધનો અને વિજયી થઈ પાછા ઘેર પહોંચવાનો વિચાર પણ આપણે કેવી રીતે કરી શકીએ ?**

**પોતાના ગુરુસમાન સિકંદરનું સ્વપ્ન પૂરું કરવા માટે ફરી આક્રમણનું સાહસ કરનારો સેલ્યુક્સ પરાજિત થઈ સહિસલામત પાછા જવા માટે પોતાની દિકરી હેલનને ચાણક્યશિષ્ય ચંદ્રગુપ્તને સમર્પિત કરી માંડ માંડ પાછો ફર્યો.**

**૨. સૌથી વધુ ધર્માંધ, ક્રૂર, ઘાતકી અને ભૌગોલિક દ્રષ્ટિથી સૌથી મોટાં મુગલ સામ્રાજ્યના સ્વામી ઔરંગઝેબ અને ભૌગોલિક દ્રષ્ટિથી ગુજરાતના છ-સાત જિલ્લા જેવડા હિંદુ સામ્રાજ્યના રચયિતા છત્રપતિ શિવાજી મહારાજ વચ્ચેનો સંઘર્ષ.**

**દક્ષિણવિજયનો સંકલ્પ કરી પ્રસ્થાન કરવાની ઘડીએ જ થએલાં છત્રપતિનાં દેહાવસાનને અલ્લાહની મહેર માની હવે તો વિજય હાથવેંતમાં છે એવા વિશ્વાસ સાથે દક્ષિણમાં પ્રવેશેલો ઔરંગઝેબ ૨૭ વર્ષ સુધી દિલ્હી,**

આગ્રા પાછો ન જઈ શક્યો, સિંહાસન પર બેસી ન શક્યો અને વિજયસંકલ્પ પૂર્ણ કર્યા સિવાય દક્ષિણમાં જ ઉપેક્ષિત અવસ્થામાં અવસાન પામ્યો.

આ સંઘર્ષ પણ લંકાવિજયમાંથી પ્રેરણાપ્રાપ્ત લોકો દ્વારા કરાએલો અસમાન સંઘર્ષ હતો. રાજા ગયા, ૯ વર્ષ પછી યુદ્ધમાં પકડાએલા રાજપુત્ર સંભાજીની ગુલામીના અને ઇસ્લામના અસ્વીકારને કારણે અવર્ણનીય ક્રૂરતાથી હત્યા થઈ, તેની રાણી યેસુબાઈ અને બાલપુત્ર શાહુ મહારાજ કેદમાં પડ્યાં, સંભાજી પછી સંઘર્ષનું નેતૃત્વ સંભાળતા રાજપુત્ર રામરાજાનું પણ નાની ઉંમરમાં અવસાન થયું. ફરીથી ઔરંગજેબને આશા બંધાઈ,પરંતુ આ પોણાભાગના હિંદુસ્તાનના માલિક ઔરંગઝેબ સાથે ચાલેલા લગભગ ૨૦ વર્ષનાં લોકયુદ્ધમાં પણ પરાજય થયો અને સંપૂર્ણ નિરાશામાં ૧૭૦૭માં ઔરંગઝેબનું મૃત્યુ થયું. આ સંઘર્ષ પણ અસમાન યુદ્ધનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

( આપણે જરૂર તેનો અભ્યાસ કરીએ એવું કહેવાની લાલચ હું છોડી શકતો નથી)

ત્રીજું અને છેલ્લું ઉદાહરણ ભારતની સત્તાનાં હસ્તાંતરણની છેલ્લી તારીખ જૂન ૧૯૪૮ની નક્કી થઈ હોવા છતાં ૧૯૪૭ની ૧૫ ઑગસ્ટે ભારત છોડી ભાગી ગએલાં ગ્રેટ બ્રિટનનું છે. કેમ ગ્રેટ બ્રિટને આ નિર્ણય કર્યો ? બીના ખડ્ગ બીના ઢાલ ઝુંબેશ ચલાવતા લોકોથી ડરીને કે પ્રભાવિત થઈ ને ? તો એવું નથી. દ્વિતીય વિશ્વયુદ્ધમાં જેમના પરાક્રમથી વિજય પ્રાપ્ત કરનારા બ્રિટિશ શાસન દ્વારા થઈ રહેલાં શોષણ અપમાનાસ્પદ વ્યવહારથી કંટાળેલા અને ગુપ્ત વેશે ભારત છોડી અફઘાનિસ્તાન થઈ વિદેશ પહોંચેલા અને ગ્રેટબ્રિટનના શત્રુપક્ષ સાથે સંધાન કરી આઝાદ હિંદ સેના(ફોજ)ની રચના કરનારા ભારતપુત્ર સુભાષચંદ્ર બસુ(બોઝ)ની આંદામાન સુધીની વિજયયાત્રાથી ઉત્સાહિત થએલી ભારતીય સેના દ્વારા મુંબઈમાં થએલા નૌસેનાના વિદ્રોહ અને જબલપુરમાં થએલા ભૂમિદળના વિદ્રોહથી ફફડી ગએલી અને દ્વિતીય વિશ્વયુદ્ધમાં ખોખરા થયા પછી સેના દ્વારા પ્રાપ્ત સહયોગ વગર ભારત પર શાસન કરવું અશક્ય છે એવા સેનાના સુપ્રિમ કમાંડર આચીનલેક તરફથી મળેલા અહેવાલથી હવે ભારત પર શાસન અશક્ય છે એવો નિર્ણય કરી બ્રિટિશ સરકાર જૂન ૪૮ને બદલે ઓગસ્ટ ૪૭માં જ ભાગી છૂટી.

આ ત્રણે સંઘર્ષો અસમાન શક્તિઓ વચ્ચેના સંઘર્ષમાં સાધનહીન પણ વજ્રસંકલ્પિત સેનાના સર્વસાધનસંપન્ન સેના સામેના યુદ્ધમાં થએલા વિજયના ઉદાહરણો છે. જે સિદ્ધ કરે છે કે,

क्रियासिद्धि सत्वे भवति महतां नोपकरणे ॥

આ જ શ્રીરામના લંકાવિજય અને તેમાંથી પ્રાપ્ત પ્રેરણાને આધારે નિર્માણ થએલા અસમાન સંઘર્ષોમાંથી જ પ્રેરણા લઈને ૯૭ વર્ષ પહેલા પરમવૈભવસંપન્ન અને શક્તિમાન રાષ્ટ્રપુનર્નિર્માણનો જે પ્રયાસ શરૂ થયો તેના આપણે માત્ર સાક્ષી નહીં પણ સહભાગી છીએ. એટલે નીચે હું જે વાત મૂકું છું એને પણ ચિંતનનું અંગ બનાવીએ.

આ બધાં જ અસમાન યુદ્ધોમાં સાધનહીન પક્ષોનો વિજય કેમ થયો ? તો મહાભારતમાં પાંડવપક્ષના વિજય માટેનું એકમાત્ર કારણ કહેતા ભગવદ્ગીતા કહે છે, यतो धर्म स्ततो जय:(જ્યાં ધર્મ છે ત્યાં જ વિજય છે.) અને પાંડવપક્ષે ધર્મ છે એમ કેવી રીતે કહી શકાય ? તો આગળની વાત આવે છે, ' यतो कृष्ण ततो धर्म' જ્યાં કૃષ્ણ છે ત્યાં જ ધર્મ છે.

એવું કેમ ?  યુદ્ધ દરમિયાન શસ્ત્ર પણ હાથમાં નહીં લેનારા કૃષ્ણ હોય ત્યાં જ ધર્મ છે એવું કેવી રીતે કહી શકાય ?

તો પોતાના જન્મનું કારણ કહેતાં કૃષ્ણે પોતે કહ્યું છે કે'परित्राणाय साधुनां विनाशाय च दुष्कृतां-

संभवामि युगे युगे।' સજ્જનોનાં રક્ષણ અને દુષ્ટોના વિનાશ માટે જ ઇશ્વરાવતાર થાય છે. આપણે પણ જે કાર્ય માટે સંકલ્પિત છીએ તે આ જ કાર્ય છે. એટલે સિકંદરને વિશ્વવિજેતા થવાનું સ્વપ્ન આવે છે, ચાણક્યશિષ્ય ચંદ્રગુપ્તને વિશ્વકલ્યાણક બનવાનું સ્વપ્ન આવે છે.

આપણી તપશ્ચર્યા પણ વિશ્વનો વિજય કરનારી શક્તિની પ્રાપ્તિ માટે નથી, આવી વિશ્વવિજેતા થવાની ઇચ્છા ધરાવતા લોકો સામે અજેય રહી શકે તેવી શક્તિની પ્રાપ્તિ માટેની છે, વિશ્વ પરિવાર કે વિશ્વબંધુત્વની કલ્પનાને સાકાર કરી શકે તેવી શક્તિ માટેની છે અને એટલે જ તેની સાથે સુશીલ એટલે સચ્ચારિત્ર માટેની છે. અને એટલે જ આપણે એ અનુપમેય કાર્યોમાંથી પ્રેરણા લઈ કાર્યરત કાર્યના અવિભાજ્ય અંગ છીએ.

આ સ્વયંપૂર્ણ કાર્ય છે. જે પરમવૈભવ સંપન્ન ભારત અને તેને આધારે વિશ્વકલ્યાણની બાહેંધરી આપનારું છે. આપણે વિચારથી, આચારથી,  વ્યવહારથી અને મન,વાણી, કર્મથી એ કાર્યના પુરક અંગ બનવા માટેની યોગ્યતા પ્રાપ્ત કરીએ એ માટે પૂર્ણ ચિંતન કરીએ એવી સહચિંતનના સાથી તરીકે પ્રાર્થના સાથે આજની વાત પૂર્ણ કરું છું.

# ભારતીય વિચાર મંચ દ્વારા 'વિનાશપર્વ' તેમજ 'હિંદુત્વ', આ બે પુસ્તકોનું સંઘના સહસરકાર્યવાહ શ્રી અરુણકુમારના હસ્તે વિમોચન થયું.

અમદાવાદઃ ફાગણ સુદ બારસ, વિ.સં.૨૦૭૮ (તા.૧૫/૦૩/૨૧), મંગળવારના રોજ ડૉ. હેડગેવાર ભવન, મણિનગર ખાતે ગુજરાતના વૈચારિક જગતમાં કાર્યરત એવા 'ભારતીય વિચાર મંચ' દ્વારા સાંપ્રત સમયના ખૂબ જ ઉપયુક્ત વિષય ઉપર શ્રી પ્રશાંત પોળ લિખિત બે પુસ્તકો 'વિનાશપર્વ : ભારતમાં અંગ્રેજોનું રાજ' તેમજ 'હિંદુત્વ : વિભિન્ન પાસાં સરળતાથી' નું રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સહ સરકાર્યવાહ શ્રી અરુણકુમારજીના હસ્તે વિમોચન કરવામાં આવ્યુ હતું.




આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત શ્રી જે. નંદકુમારજી (અખિલ ભારતીય સંયોજક, પ્રજ્ઞા પ્રવાહ) એ પોતાના ઉદબોધનમાં પ્રમુખ મુદ્દાઓ પર પ્રકાશ ફેંક્યો હતો. ભારતીય સંસ્થાનવાદ અંગેની પૃષ્ઠભૂમિ રજુ કરતી વેળાએ તેઓએ ૭૦ વર્ષની આઝાદી પછી પણ આપણે આપણા વ્યક્તિત્વને મૌલિક રીતે રજુ કરવા સક્ષમ છીએ કે નહી એ વિષયના આત્મમંથન માટેના પુસ્તક તરીકે 'વિનાશપર્વ' ને આલેખ્યું હતું. તેમના કહેવા પ્રમાણે આ આત્મમંથન આપણા માટે જરૂરી બને છે. તે આપણા ભારત કેન્દ્રીત વિકાસના પથ પર મુકવામા આવતું પ્રથમ અને અગત્યનું ચરણ બની રહેશે. જેમ કે શિક્ષણનું ભારતીયકરણ, કાયદાનું ભારતીયકરણ

તેમજ વ્યાપારનું ભારતીયકરણ વગેરે. આ સંદર્ભમાં ICCR ખાતે વિદેશી વિદ્યાર્થિઓની એક્ષ્ચેંજ કમિટિના જમૈકાની એક વિદ્યાર્થિનીએ કહેલું કે તેણીના પ્રવાસ દરમિયાન થયેલ અભ્યાસ પ્રમાણે 'દરેક ભારતીયોએ સમગ્ર વિશ્વને તેમની સાચી ઓળખથી અવગત કરાવવા જોઈએ.' ત્યાર બાદ શ્રી નંદકુમારજીએ પુસ્તકના નવ અધ્યાયમાં સમાવિષ્ટ કરવામાં આવેલ મુદ્દાઓ તેમજ અગત્યના વિષયોની બારીકાઈથી ચર્ચા કરી.



કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત શ્રી અરુણકુમારજીએ પોતાના વિચારો વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ભારતીય સ્વાધીનતાના અમૃત મહોત્સવ નિમિત્તે વાંચકો સમક્ષ પ્રસ્તુત કરવામાં આવેલા આ પુસ્તકોના વિષયની પૃષ્ઠભૂમિ તૈયાર કરતી વખતે અંગ્રેજી સંસ્થાનવાદ પાછળના મુખ્ય ઉદ્દેશ્ય તરફ



સર્વેનું ધ્યાન દોરે છે. ૧૯મી સદીમાં વ્યાપેલ બે મુખ્ય એકમો જેમ કે "ગોરા લોકોની પ્રભુ સત્તા" અને "ગોરા

લોકોનું ભારણ” કે જેના દ્વારા યુરોપના દેશોએ સમગ્ર વિશ્વને પોતાની અન્યાયકારી સત્તા નીચે ગુલામ બનાવેલું, એ વિષય પર સર્વેનું તેમણે ધ્યાન દોર્યું હતુ.

૧૮૯૩ના વિશ્વ ધર્મ પરિષદમાં સ્વામી વિવેકાનંદ દ્વારા આપવામા આવેલ નીડર વિધાનને તેમણે યાદ કરાવ્યું હતુ કે જેમાં સ્વામીજીએ કહેલું કે ‘શ્વેત સમુદાયે મૂળ અમેરિકાના રહીશો સાથે કરેલ નિર્દયતાભર્યા અત્યાચાર કે જેમાં તેમની જ માતૃભૂમિ પર તેમનું જ અસ્તિત્વ નામશેષ રહેવા પામ્યું જેના બદલામાં સમગ્ર એટ્લાન્ટિક મહાસાગરનો કિચડ તેમના ચહેરા પર લેપવાથી પણ તેમના કુકર્મોનો હિસાબ ચુક્તે થઈ શકે તેમ નથી.' પર વિશેષ ભાર મુકયો  હતો.



સ્વાધીનતા અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે તેઓએ સંસ્થાનવાદના મુખ્ય ઉદ્દેશ તેમજ સ્વરૂપને સમજવું ખુબ જ અગત્યનું ગણાવીને તેને સંશોધનાત્મક રીતે સમજવાની જરૂરીયાત પર ભાર મુકેલ. આ વિષય પાછળનું મુખ્ય કારણ સમજાવતી વખતે તેમણે જણાવેલ કે ભારતની સ્વતંત્રતા પછી ભારતના મુખ્ય ઈતિહાસને સમજવાની અને લેખિત સ્વરૂપમાં તૈયાર કરવાની પ્રવૃત્તિ થંભી ગઇ હતી. જે આજે યોગ્ય માધ્યમોની મદદથી પુન: જાગૃત થતી જોવા મળે છે. આ થકી સ્વતંત્રતાના યોગ્ય પરીબળ કે જેણે હજારો વર્ષો સુધી વિદેશીઓ સામે આપણને સંગઠીત કરી સમાજના વિભિન્ન હિસ્સાના લોકોને સાથે રાખી વિદેશી આક્રમણો સામે ઝઝુમવાની પ્રેરણા પુરી પાડેલ - એ પરિબળ સુધી પહોંચવાનો એક પ્રયત્ન છે. સાથોસાથ શ્રી અરુણ કુમારજીએ હજારો વર્ષોના સંઘર્ષ બાદ મળેલ આઝાદી વખતે થયેલ વિભાજન અંગે પોતાનો ખેદ વ્યક્ત કરેલ

અને વિભાજન પાછળનાં પરિબળોને પણ સમજવા માટેના પ્રયત્ન સ્વરૂપ લખાયેલ આ પુસ્તકોને બિરદાવ્યાં હતાં.



આત્મવિસ્મૃતીને વિશ્વનું સૌથી મોટું નુકસાન ગણાવતાં તેઓએ સમજાવેલ કે અંગ્રેજોએ કેવી યોજનાબદ્ધ રીતે દરેક ભારતીયોના હૃદયમાંથી આ આત્મા પ્રત્યેની શ્રધ્ધાને ખૂબજ સલુકાઈપૂર્વક હટાવી દીધી હતી. જેનું ઉદાહરણ આપતી વખતે તેઓએ બંગાળ જેવા સમૃધ્ધ રાજ્યમાં ૧૭૬૫માં અંગ્રેજી શાસન આવ્યા બાદ પડેલા ત્રીસ વર્ષના કૃત્રિમ દુષ્કાળ અને રોગચાળા વિષયની સમજ આપી હતી. તેમણે જણાવેલ કે જ્યાં જ્યાં યુરોપિયન્સ ગયા ત્યાં ત્યાં રોગચાળા અને દુષ્કાળના માધ્યમથી લોકોના જીવનમાં પ્રસ્થાપિત 'સ્વ'ને તેઓએ હાનિ પહોંચાડી હતી.



‘સ્વ’ કે જેની મદદથી આપણે લોકોએ અંગ્રેજી શાસનનો વિરોધ કર્યો, તેના વિશે સમજાવતી વખતે શ્રી અરુણકુમારજીએ ‘સ્વત્રયી’ની વિભાવના સમજાવેલ. જેમા પ્રથમ ‘સ્વધર્મ’, ‘સ્વરાજ’ અને ‘સ્વદેશી’ સામેલ હતા કે જેના આધારે આપણે સ્વતંત્રતા સંગ્રામ લડયા અને સ્વાધીનતા મેળવી હતી. આ 'સ્વ' ને કારણે આપણને તોડવા માટે પ્રયત્નશીલ અંગ્રેજો સમક્ષ આપણે એક થઇને લડવા માટે સામર્થ્ય પ્રાપ્ત કર્યું હતું . આજે આઝાદીનાં ૭૫ વર્ષ બાદ આજનું ભારત આ 'સ્વ'ની પ્રેરણાથી જ નવા રૂપમાં વિશ્વ સમક્ષ ઉભરી રહ્યું છે. 'હિંદુત્વ' પુસ્તક આપણને આ 'સ્વ' થી પરિચિત કરવામાં ખૂબજ અગત્યનો ભાગ ભજવશે.





આમ, 'ભારતીય વિચાર મંચ' દ્વારા પ્રકાશિત બંને પુસ્તકો ગુજરાતની આવનારી પેઢીને અને યુવાપેઢીને દેશનો ભવ્ય ભૂતકાળ, અંગ્રેજી વિનાશપર્વ અને ત્યારબાદની સ્થિતિ અને આવનાર સમયમાં ભારતની વૈશ્વિક સ્થિતિ અંગેની સંપૂર્ણ સમજ આપવા માટે મહત્વપૂર્ણ બની રહેશે.




પુસ્તક વિમોચનનો સંપૂર્ણ વિડિઓ ભારતીય વિચાર મંચ ની યુ-ટ્યુબ ચેનલ ઉપર ઉપલબ્ધ છે.:
https://youtu.be/tEw3lLKkc8A

## ‘વિનાશપર્વ’ તેમજ 'હિંદુત્વ’, આ બે પુસ્તકોનું સંઘના સહસરકાર્યવાહ શ્રી અરુણકુમારના હસ્તે વિમોચન થયું.



# મણિનગરમાં 'વિનાશપર્વ' અને 'હિન્દુત્વ' પુસ્તકનું વિમોચન થયું

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

મણિનગરના ડૉ.હેડગેવાર ભવન ખાતે ઉપયુક્ત વિષય પર પ્રશાંત પોળ લિખિત બે પુસ્તકો 'વિનાશપર્વ' તેમ જ 'હિન્દુત્વ'નું વિમોચન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સહ સરકાર્યવાહ અરુણ કુમારના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત જે.નંદકુમાર, અખિલ ભારતીય સંયોજક પ્રજ્ઞા પ્રવાહે પુસ્તકનો પરિચય આપ્યો હતો. આ બંને પુસ્તકોનો ગુજરાતીમાં અનુવાદ શ્રીકાંત કાટદરે કર્યો છે.

અરુણકુમારે જણાવ્યુ હતું કે, સ્વાધિનતા અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે તેઓએ સંસ્થાનવાદના મુખ્ય ઉદ્દેશ તેમ જ સ્વરૂપને સમજવું અગત્યનું ગણી તેને સંશોધનાત્મક રીતે સમજવાની જરૂરિયાત પર ભાર મુક્યો હતો.

રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘના સહસરકાર્યવાહ અરુણકુમારના હસ્તે

# મણીનગરમાં 'વિનાશપર્વ' અને 'હિન્દુત્વ' પુસ્તકોનું વિમોચન થયું





**અમદાવાદ, તા. ૧૬ :** ગઈકાલે ડૉ. હેડગેવાર ભવન મણિનગર ખાતે સાંપ્રત સમયના ખૂબજ ઉપયુક્ત વિષય ઉપર પ્રશાંત પોળ લિખિત બે પુસ્તકો 'વિનાશપર્વ' તેમજ 'હિન્દુત્વ'નું વિમોચન રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘના સહસરકાર્યવાહ અરુણકુમારના હસ્તે કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે અતિથિવિશેષતરીકે ઉપસ્થિત જે. નંદકુમાર, અખિલ ભારતીય સંયોજક પ્રજ્ઞા પ્રવાહ, એ પુસ્તક પરીચય આપતી વેળાએ પ્રમુખ મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો હતો. ભારતીય સંસ્થાનવાદ અંગેની પૃષ્ઠભૂમિ રજુ કરતી વેળાએ તેઓએ ૭૦ વર્ષની આઝાદી પછી પણ આપણે આપણા વ્યક્તિત્વને મૌલિક રીતે રજુ કરવા સક્ષમ છીએ કે નહી એ વિષયના આત્મમંથન માટેનું પુસ્તક એટલે 'વિનાશપર્વ' આલેખ્યુ હતું.તેમના કહેવા પ્રમાણે આ આત્મમંથન આપણા માટે જરૂરી બને છે. તે આપણા ભારત કેન્દ્રીત વિકાસના પથ પર મુકવામા આવતું પ્રથમ અને અગત્યનુ ચરણ બની રહેશે. જેમ કે શિક્ષણનું ભારતીય કરણ, કાયદાનું ભારતીય કરણતેમજ વ્યાપારનું ભારતીય કરણ વગેરે. ત્યાર બાદ નંદકુમારએ પુસ્તકના નવ અધ્યાયમા સમાવિષ્ઠ કરવામા આવેલ મુદ્દાઓ તેમજ અગત્યના વિષયોની બારીકાઈથી ચર્ચા કરી. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત અરુણકુમારએ પોતાના વિચારો વ્યક્ત કરતા જણાવ્યુ હતુ કે ભારતીય સ્વાધિનતાના અમૃત મહોત્સવ નિમિત્તે વાંચકો સમક્ષ પ્રસ્તુત કરવામાં આવેલા આ પુસ્તકોના વિષયની પૃષ્ઠભૂમિ તૈયાર કરતી વખતેઅંગ્રેજી સંસ્થાનવાદ પાછળના મુખ્ય ઉદ્દેશ્ય તરફ સર્વેનું ધ્યાન દોરે છે.. ૧૯મી સદીમા વ્યાપેલ બે મુખ્ય એકમો જેમ કે 'ગોરા લોકોની પ્રભુ સત્તા' અને 'ગોરા લોકોનું ભારણ' કે જેના દ્વારા યુરોપના દેશોએ સમગ્ર વિશ્વને પોતાની અન્યાયકારી સત્તા નીચે ગુલામ બનાવેલા એ વિષય પર સર્વેનુ તેમણે ધ્યાન કેન્દ્રીત કર્યું હતુ. ૧૮૯૩ના વિશ્વ ધર્મ પરિષદમા સ્વામીવિવેકાનંદ દ્વારા આપવામા આવેલ નીડર વિધાનને તેમણે યાદ કરાવ્યું હતુ કે જેમા સ્વામીજીએ કહેલું કે 'શ્વેત સમુદાયે મૂળ અમેરિકાના રહિશો સાથે કરેલ નિર્દયતા ભર્યા અત્યાચાર કે જેમાં તેમની જ માતૃભૂમિ પર તેમનુ જ અસ્તિત્વ નામ શેષ રહેવા પામ્યુ જેના બદલામા સમગ્ર એટ્લાન્ટિક મહાસાગરનો કિચડ તેમના ચહેરાપર લેપવાથી પણ તેમના કુકર્મોનો હિસાબ ચુક્તે થઈ શકે તેમ નથી'. પરવિશેષ ભાર મુકયા હતો. સ્વાધિનતા અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે તેઓએ સંસ્થાનવાદના મુખ્ય ઉદ્દેશ તેમજ સ્વરૂપને સમજવું ખુબ જ અગત્યનું ગણી તેને સંશોધનાત્મક રીતે સમજવાની જરૂરીયાત પર ભાર મુકેલ. આ વિષય પાછળનું મુખ્ય કારણ સમજાવતી વખતે તેમણે જણાવેલ કે ભારતની સ્વતંત્રતા પછી ભારતના મુખ્ય ઈતિહાસ્ ને સમજવાના અને લેખિત સ્વરૂપમાં તૈયાર કરવાની પ્રવૃત્તિ થંભી ગઇ હતી જે આજે યોગ્ય માધ્યમોની મદદથી પુનઃ જાગૃત થતી જોવા મળે છે. આ થકી સ્વતંત્રતાના યોગ્ય પરીબળ કે જેને હજારો વર્ષો સુધી વિદેશીઓ સામે આપણને સંગઠીત કરી સમાજના વિભિન્ન હિસ્સાના લોકોને સાથે રાખી વિદેશી આક્રમણો સામે ઝઝુમવાની પ્રેરણા પુરી પાડેલ - એ પરિબળ સુધી પહોંચવાનો એક પ્રયત્ન છે. સાથોસાથ અરુણ કુમારએ હજારો વર્ષોના સંઘર્ષ બાદ મળેલ આઝાદી વખતે થયેલ વિભાજન અંગે પોતાનો ખેદ વ્યક્ત કરેલ અને વિભાજન પાછળના પરિબળો ને પણ સમજવા માટેના પ્રયત્ન સ્વરૂપ લખાયેલ આ પુસ્તકોને બિરદાવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન જવનીલભાઈ ત્રિવેદીએ કર્યુ હતું. પ્રાંતમંત્રી ઈશાનભાઈ જોષીએ મહેમાનો પરીચય આપ્યો હતો. ફેસબુક તેમજ અન્ય ઓનલાઈન માધ્યમ ની મદદથી દેશવિદેશના અમંત્રિતોએ આ કાર્યક્રમને નિહાળ્યો હતો. આભારવિધિ શહેર અધ્યક્ષ ડૉ. શિરીષ કાશીકરે કરી હતી.

"વિનાશપર્વ : ભારત પર અંગ્રેજોનું રાજ"   મૂલ્ય : 175 ₹

"હિંદુત્વ : વિભિન્ન પાસાં સરળતાથી"  મૂલ્ય  : 50 ₹

📌 બંને પુસ્તક માત્ર 125 ₹ માં આપના ઘર સુધી (કુરિયર ચાર્જ સાથે)

📚 પુસ્તક પ્રકાશન તારીખ :

15 માર્ચ 2022

📎 પુસ્તક મંચની વેબસાઇટ vichar.org/books પર ઉપલબ્ધ છે.



# ભારતીય વિચાર મંચ - ગાંધીનગર - વિચાર ગોષ્ઠી




ગાંધીનગર: ફાગણ સુદ તેરસ, વિ.સં. ૨૦૭૮ (તા. ૧૬/૩/૨૨), બુધવારના રોજ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ખાતે સાંજે ૭.૦૦ વાગ્યે ગુજરાતના વૈચારિક જગતમાં કાર્યરત એવા ભારતીય વિચાર મંચ, ગાંધીનગર દ્વારા "स्वराज@७५ : संघर्ष भारत के 'स्व' का" એ વિષય ઉપર વિચાર ગોષ્ઠીનું આયોજન થયું.

જેમાં મુખ્ય વક્તા તરીકે શ્રી નંદકુમારજી, ( અખિલ ભારતીય સંયોજક - પ્રજ્ઞા પ્રવાહ ) ઉપસ્થિત રહ્યા હતા.




તેમણે પોતાના ઉદબોધનમાં નીચે મુજબના મુખ્ય મુદ્દાઓ ઉપર પ્રકાશ પાડ્યો હતો:

- ભારતની આઝાદીની લડાઈ કોઈ એક પરિવાર કે પાર્ટી સુધી સીમિત નહોતી પરંતુ તે સર્વવ્યાપી અને સર્વસમાવેશી હતી જેમાં સમાજના દરેક વર્ગોનો ફાળો બહુમૂલ્ય હતો.

- આઝાદીની લડાઈ પણ સન ૧૮૫૭ થી નહીં પરંતુ તે પહેલાં પણ જ્યારથી વિદેશી આક્રાંતાઓએ ભારતમાં પ્રથમ પગ મૂક્યો ત્યારથી જ શરૂ થઈ ગઈ હતી.

- આ લડાઈમાં કેટલાક ગુમનામ નાયકો જેવા કે ત્રાવણકોર રાજ્યના રાજા માર્તન્ડ વર્મા, વેલું થંબાઈ દલાવા, રાણી વેલું નાચીયાર વગેરે લોકોનો પણ ખૂબ મોટો ફાળો હતો.




- ભારતની આઝાદીની લડાઈમાં ભક્તિ આંદોલન તથા વિવિધ સંતો જેમ કે સ્વામી વિવેકાનંદ, શ્રી અરવિન્દો, ગુરુ નાનક તથા વિવિધ કવિઓ જેવા કે નરસિંહ મહેતા, શંકર દેવ, પુંથાનામ વગેરેનો પણ સિંહફાળો હતો.

- પરંતુ આઝાદી બાદ આ બધી જ માહિતી ખૂબ જ વ્યવસ્થિત ષડયંત્ર હેઠળ અભ્યાસમાંથી કાઢી નાખવામાં આવી ભારતીયોની અને ભારતીય જનમાનસમાંથી 'સ્વ'ની વિસ્મૃતિનો પ્રયાસ થયો.

- આઝાદીની લડતના આ તમામ લડવૈયાઓને ઇતિહાસમાં યોગ્ય સ્થાન મળવું જોઈએ. જેના માટે ઇતિહાસનું ભારતીય દ્રષ્ટિથી ફરી લેખન થવું જોઈએ અને જનમાનસનો પુર્નબોધ 'સ્વ'ના માધ્યમથી થવો જોઈએ.



ત્યાર બાદ મંચના ઉપાધ્યક્ષ શ્રી મહેશભાઈ લાડ દ્વારા વકતાશ્રીને સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમા આપીને તેમનું સન્માન કરાયું. અંતમાં મંચના અધ્યક્ષ શ્રી પ્રવીણભાઈ વાટલિયા દ્વારા આભાર વિધિ કરવામાં આવી. અંતે બધા શાંતિ મંત્રનો પાઠ કરી છુટા પડ્યા. બધા શ્રોતાઓ દ્વારા આ વકતાશ્રીનો ખુબ આભાર પ્રગટ કરવામાં આવ્યો.

આ વિચારગોષ્ઠિ માં ગાંધીનગરમાંથી ૯૫ જેટલા પ્રબુદ્ધજનો ઉપસ્થિત રહ્યા હતા. ભારતીય વિચાર મંચ દ્વારા પ્રકાશિત સાહિત્યનું મુલાકાતીઓએ રસપૂર્વક નિરીક્ષણ કર્યું તથા પોતાની રુચિના વિષયો અનુસાર ખરીદી પણ કરી.

કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ મંચના કાર્યકર્તાઓએ ભોજન સાથે શ્રી નંદકુમારજી સાથે મુક્તચિંતન પણ કર્યું.



## ભારતીય વિચાર મંચ, ગાંધીનગર દ્વારા આ જ વિષય ઉપર બીજા દિવસે સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત ખાતે પણ વિચારગોષ્ઠીનું આયોજન થયું. જેનું સંક્ષિપ્ત વિવરણ પ્રસ્તુત છે.

**ગાંધીનગર: ફાગણ સુદ પુનમ, વિ.સં. ૨૦૭૮ (તા. ૧૭/૩/૨૦૨૨), બુધવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ભારતીય વિચાર મંચ, ગાંધીનગર કેન્દ્ર તથા અખિલ ભારતીય રાષ્ટ્રિય શૈક્ષિક મહાસંઘના સંયુક્ત ઉપક્રમે સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત ખાતે "स्वराज@७५ : संघर्ष भारत के 'स्व' का" એ વિષય ઉપર પ્રાધ્યાપક ગણ સાથે વિચાર ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે શ્રી જે. નંદકુમાર ( અખિલ ભારતીય સંયોજક - પ્રજ્ઞા પ્રવાહ ) ઉપસ્થિત રહ્યા હતા. સૌ પ્રથમ 'સેન્ટર ફોર ડાયસ્પોરા સ્ટડીઝ'ના ચેર પર્સન શ્રી અતાનું મોહપાત્રાજીએ નંદકુમારજીનો પરિચય આપ્યો. ત્યાર બાદ 'સ્કુલ ઓફ ઇન્ટરનેશનલ સ્ટડિઝ'ના ડીન ડૉ. મનીશજી એ નંદકુમારજીનું પુષ્પગુચ્છ આપીને સ્વાગત કર્યું.**






**વિષયની પ્રસ્તુતિમાં ઉપરોક્ત વિવરણમાં જણાવેલ મુદ્દા મૂક્યા બાદ શ્રી નંદકુમારજીએ પ્રાધ્યાપકોને આહ્વાન કર્યું કે આઝાદીની લડતના આ તમામ લડવૈયાઓને ઇતિહાસમાં યોગ્ય સ્થાન મળે તે માટે ઇતિહાસનું ભારતીય દ્રષ્ટિથી ફરી લેખન થવું જોઈએ તથા વિદ્યાર્થીઓને પણ આ વિષયમાં સંશોધન માટે પ્રેરિત કરવા જોઈએ.**



ત્યાર બાદ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના અધ્યક્ષ તથા સેન્ટર ફોર સ્ટડીઝ ઇન ઇકોનોમિકસ એન્ડ પ્લાનિંગ ના પ્રોફેસર શ્રી સરિતા અગ્રવાલ દ્વારા આભાર વિધિ કરવામાં આવી. ત્યાર બાદ સૌ પ્રાધ્યાપક મિત્રો દ્વારા શ્રી નંદકુમારજીની સાથે રંગોત્સવની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમ બાદ સૌ પ્રાધ્યાપક મિત્રોએ નંદકુમારજી સાથે ભોજન લઈને સૌ છુટા પડ્યા.




# ભારતીય વિચાર મંચ, વડોદરા - યુવા આયામ

ભારતીય વિચાર મંચ, વડોદરાના યુવા આયામ તરફથી દિનાંક: ૧૫-૦૩-૨૨ નાં રોજ સાંજે સાત વાગ્યે, પ્રશ્નોત્તરી સાથે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિષય હતો "Cryptocurrency, Hype or Hope" વડોદરાના ખ્યાતનામ ચાર્ટર્ડ એકાઉન્ટ શ્રી મિહિરભાઈ શાહ સ્પીકર તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા.




શ્રી મિહિરભાઈએ વિષયને ત્રણ ભાગમાં વહેંચીને ખૂબ જ સુંદર રીતે માહિતી આપી હતી.

૦૧. પ્રથમ ભાગમાં ઇકોનોમિક્સ તેમજ ખુબ જ જૂના વખતમાં ઉપયોગમાં લેવાતી બાર્ટર સિસ્ટમ વિશે વિગતવાર માહિતી આપી હતી. આ સિસ્ટમમાં લોકો વસ્તુની અવેજીમાં વસ્તુ એ રીતે વ્યવહાર કરતા હતા. દાખલા તરીકે કોઈની પાસે ઘઉં હોય તે ઘઉંના બદલામાં પોતાને જોઈતી વસ્તુ બીજા પાસેથી મેળવી શકે.




૦૨. તે પછી કોઇન્સ આવ્યા અને ત્યારબાદ પેપર currency ચાલુ થઈ. શરૂઆતના સમયમાં ગોલ્ડ સ્ટાન્ડર્ડ અમલમાં હતું એટલે કે જેટલી નોટ કોઈ પણ દેશ છાપે એના પ્રમાણમાં એને સોનાનો stock રાખવો પડે ધીરે ધીરે તેમાં ઘટાડો પણ થતો ગયો.

૦૩. મૂળભૂત માહિતી આપ્યા પછી એમણે cryptocurrency વિશે માહિતી આપી. તેમણે જણાવ્યું કે અત્યારની currency સિસ્ટમના ગેરલાભની અવેજીમાં અમુક લોકોએ cryptocurrency નું સર્જન કર્યું. જેમાં બીટકોઈન તેમજ બીજા કોઈન ઉપલબ્ધ છે. સાથે તેમણે એ પણ જણાવ્યું કે આના ઉપર કોઈનો કંટ્રોલ નથી તેમજ એ કરન્સી કોઈને

જવાબદેહી નથી તેથી એમાં ઇન્વેસ્ટ કરવું એ રિસ્ક



ફેક્ટરને આમંત્રણ આપવા જેવું છે. તેમજ ખૂબ જ મોટા પ્રમાણમાં કાર્બન ઉત્સર્જન આ સિસ્ટમમાં થાય છે જે કાયમ માટે પર્યાવરણને નુકસાન કરે છે. આ પછી તેમણે ખૂબ જ વિગતવાર અને સંતોષકારક રીતે પ્રશ્નોના જવાબ આપ્યા હતા. આ પછી આભાર વિધિ અને સાથે 'વંદે માતરમ્' ના ગાન સાથે બધા છુટા પડ્યા હતા. હોલની બહાર ભારતીય વિચાર મંચ ના પુસ્તકોનું પ્રદર્શન પણ રાખ્યું હતું જેને સારો પ્રતિસાદ મળ્યો હતો. ટૂંક સમયમાં આયોજન થયું હતું છતાં પણ પ્રતિસાદ ખૂબ જ સારો હતો જે આ સાથે મુકેલા ચિત્રોમાં દેખાય છે

કાર્યક્રમનું સંચાલન શ્રી જીગ્નેશભાઈએ કર્યું હતું તેમજ યુવા આયામ અને ભારતીય વિચાર મંચનો પરિચય પણ આપ્યો હતો. વક્તા શ્રી નો પરિચય શ્રી અક્ષયભાઈએએ આપ્યો હતો આભાર વિધિ શ્રી જયેન્દ્રભાઈએ કરી હતી.

# ભારતીય વિચાર મંચ, રાજકોટ કેન્દ્ર - વિચાર ગોષ્ઠી

**ભારતીય વિચાર મંચ, રાજકોટ કેન્દ્ર દ્વારા તા.૨૦/૩/૨૦૨૨ ના રોજ AVPTI સેમિનાર ખંડ ખાતે એક વિચાર ગોષ્ઠી સંપન્ન થઈ**

**વિષય - અર્બન નક્સલ : આતંકનો શહેરી ચહેરો ?**

**વક્તા ડૉ. શિરીષ કાશીકર ( ડાયરેક્ટર, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ માસ કોમ્યુનિકેશન એન્ડ જર્નાલીઝમ ).**



**શહેરના વિવિધ વૈચારિક ક્ષેત્રોના આગેવાનો સહિત અનેક સંસ્થાઓ/કોલેજમાંથી અધ્યાપક બહેનો અને ભાઈઓ ઉપસ્થિત રહ્યા. સાથે સમાજના વિવિધ વર્ગમાંથી પ્રતિષ્ઠિત બુદ્ધિજીવીઓ અને યુવાઆયામના વિદ્યાર્થી કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.**

કાર્યક્રમનો પ્રારંભ નિયત સમયે ૧૦.૩૦ કલાકે કરવામાં આવ્યો હતો. વકતાશ્રીનું વ્યાખ્યાન ૧૧.૩૦ સુધી રહ્યું. નિમ્નલિખિત મુદ્દાઓ ઉપર તેઓએ પ્રકાશ પાડ્યો.

- સતત અજાણ્યા અને નવા ચહેરા પહેરી આવતો આ વિષયને કેવી રીતે સમજાવો ઓળખવો ?

- તેના પ્રચાર પ્રસારની રીત.

- આ પ્રવૃત્તિના આર્થિક સ્ત્રોત  અને પદ્ધતિઓ.

- માત્ર ભય નહીં પણ વિચારધારાનો કેવી રીતે તેનો વિસ્તાર થાય છે.

- કેવી રીતે શહેરી બુદ્ધિજીવીઓને લક્ષ બનાવી અને તેના દ્વારા મીડિયા સહાય લેખકો કાનૂની સહાય મેળવી શહેરોમાં પગ મજબૂત કરવામાં આવે છે.





- ૧૯૭૩માં તૈયાર થયેલ ૨૦૦૭ સુધીના લક્ષ્યાંકની શિસ્તબદ્ધ દસ્તાવેજી માહિતી.

- ભીમા કોરેગાવ જેવી ઘટનાઓને આકાર આપી અસત્ય દ્વારા ભ્રમણાઓ ઉભી કરી આરાજકતા ફેલાવવી.

આવી અનેક ઝીણવટ ભરી માહિતી શ્રોતાઓ સમક્ષ મુકવામાં આવી

ત્યારબાદ ૨૫ મિનિટ સુધી જિજ્ઞાસા સમાધાન રૂપ પ્રશ્નોતરી રહી.

# ભારતીય વિચાર મંચ, રાજકોટ કેન્દ્ર : યુવા આયામ

કુલ ૪૭ કાર્યકર્તાઓએ ચર્ચા સત્રમાં ભાગ લીધો. જેમાંથી ૧૪ કાયદા અને ૨૩ શિક્ષણ વિદ્યાશાખાનાં વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો ઉપસ્થિત રહ્યા. વિવિધ સાંપ્રત વિષયોની ચર્ચા કરી.






# ભારતીય વિચાર મંચ, પાટણ કેન્દ્ર - વિચાર ગોષ્ઠી

**ભારતીય વિચાર મંચ, પાટણ અને કેશવમાધવ સ્મૃતિ સમિતિ દ્વારા "ભારતનો બોધ - ધર્મપાલની દ્રષ્ટિએ" આ વિષય પર હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં વિચાર ગોષ્ઠિ નું આયોજન કરવામાં આવેલ. આ વિચાર ગોષ્ઠીમાં મુખ્ય વક્તા તરીકે શ્રી કેતનભાઇ શાહ, પ્રાંત સહમંત્રી, ભારતીય વિચાર મંચ, ગુજરાત સુરત ખાતેથી ઉપસ્થિત રહેલ.**








તેમણે પોતાના વક્તવ્યમાં ધર્મપાલજીના પુસ્તકો અને તે તૈયાર કરવા માટે તેમણે લીધેલી મહેનત નો ઉલ્લેખ કરેલ. અંગ્રેજોના પત્રના આધારે ૧૮મી સદીના સુસંસ્કૃત અને સમૃદ્ધ ભારત વિશેની માહિતી ધર્મપાલજીના પુસ્તકોમાં ઉપલબ્ધ હોવાની વાત કરી. ધર્મપાલજી પોતે ગાંધીજીના ચુસ્ત અનુયાયી હોવા છતાં આઝાદી પછી પણ ધર્મપાલજીના પુસ્તકો વિશે સમાજ ને માહિતી ન મળે તે પ્રકારનું વાતાવરણ રાખવામાં આવ્યું. ધર્મપાલજીના પુસ્તકો દરેક ભારતીયને ભારત પ્રત્યે ગૌરવ ઉત્પન્ન કરે તે પ્રકારની માહિતીથી ભરેલા છે અને ભારત ખૂબ જ પછાત હતો અને અંગ્રેજોએ તેનો વિકાસ કર્યો આ વિચારથી ઉત્પન્ન થતી લઘુતાગ્રંથિ ને દૂર કરે તેમ છે. આ પ્રકારનો વિષય ખૂબ જ સારી રીતે તેમના દ્વારા મૂકવામાં આવ્યો. ત્યારબાદ કાર્યક્રમમાં ઉપસ્થિત શ્રોતાઓ દ્વારા ખૂબ જ સારી રીતે ચર્ચા કરવામાં આવી તથા પોતે પણ આ વિષયને સમાજ માં લઇ જવાની તૈયારી બતાવવામાં આવી. આશરે ૨૦૦ જેટલા શ્રોતાઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા.



દિવ્ય ભાસ્કર

હોમ વીડિયો સર્ચ

ટૉપ ન્યૂઝ
મારું શહેર
મારું ગુજરાત
રશિયા-યુક્રેન યુદ્ધ
બોર્ડ એક્ઝામ
IPL 2022
એન્ટરટેઇનમેન્ટ
કોરોના
ઈન્ડિયા
ધર્મ દર્શન

Hosted A Seminar On The Theme 'Enlightenment Of India Dharmapala's Vision'

**વિચાર ગોષ્ઠી:** હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં 'ભારતનો બોધ - ધર્મપાલની દ્રષ્ટિ' વિષય પર વિચાર ગોષ્ઠી યોજાઈ

પાટણ 9 દિવસ પહેલા

ભારતીય વિચાર મંચ, પાટણ
કેશવ-માધવ સ્મૃતિ સમિતિ
વિચાર ગોષ્ઠી
ભારતનો પુનઃબોધ

- મુખ્ય વક્તા તરીકે કેતનભાઇ શાહ, પ્રાંત સહમંત્રી, ભારતીય વિચાર મંચ, ગુજરાત સુરત ખાતેથી ઉપસ્થિત રહ્યા



# પાટણ યુનિવર્સિટીમાં વિચાર ગોષ્ઠિ યોજાઇ

(નિ.ન્યુ.સ.) પાટણ,તા.૩૦
ભારતીય વિચાર મંચ, પાટણ અને કેશવમાધવ સ્મૃતિ સમિતિ દ્વારા ભારતનો બોધ - ધર્મપાલની દ્રષ્ટિએ આ વિષય પર હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં વિચાર ગોષ્ઠિ નું આયોજન કરવામાં આવેલ. આ વિચાર ગોષ્ઠીમાં મુખ્ય વકતા તરીકે શ્રી કેતનભાઇ શાહ, પ્રાંત સહમંત્રી, ભારતીય વિચાર મંચ, ગુજરાત સુરત ખાતેથી ઉપસ્થિત રહેલ. તેમણે પોતાના વકતવ્યમાં ધર્મપાલ જીના પુસ્તકો અને તે તૈયાર કરવા માટે તેમણે લીધેલી મહેનત નો ઉલ્લેખ કરેલ. અંગ્રેજોના પત્રના આધારે ૧૮મી સદીના સુસંસ્કૃત અને સમૃદ્ધ ભારત વિશેની માહિતી ધર્મપાલજીના પુસ્તકોમાં ઉપલબ્ધ હોવાની વાત કરી. ધર્મપાલજી પોતે ગાંધીજી ના ચુસ્ત અનુયાયી હોવા છતાં આઝાદી પછી પણ ધર્મપાલજીના પુસ્તકો વિશે સમાજ ને માહિતી ન મળે તે પ્રકારનું વાતાવરણ રાખવામાં આવ્યું. ધર્મપાલજીના પુસ્તકો દરેક ભારતીયને ભારત પ્રત્યે ગૌરવ ઉત્પન્ન કરે તે પ્રકારની માહિતીથી ભરેલા છે અને ભારત ખૂબ જ પછાત હતો અને અંગ્રેજોએ તેનો વિકાસ કર્યો આ વિચારથી ઉત્પન્ન થતી લઘુતાગ્રંથિ ને દૂર કરે તેમ છે.

આ પ્રકારનો વિષય ખૂબ જ સારી રીતે તેમના દ્વારા મૂકવામાં આવ્યો. ત્યારબાદ કાર્યક્રમમાં ઉપસ્થિત શ્રોતાઓ દ્વારા ખૂબ જ સારી રીતે ચર્ચા કરવામાં આવી તથા પોતે પણ આ વિષયને સમાજ માં લઇ જવાની તૈયારી બતાવવામાં આવી. આશરે ૨૦૦ જેટલા શ્રોતાઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા.



# પાટણની હેમ.ઉ.ગુ. યુનિ. ખાતે ભારતનો બોધ ધર્મપાલની દ્રષ્ટિએ વિચાર ગોષ્ઠીનું આયોજન કરાયું

પાટણ
ભારતીય વિચાર મંચ, પાટણ અને કેશવમાધવ સ્મૃતિ સમિતિ દ્વારા ‌ભારતનો બોધ - ધર્મપાલની દ્રષ્ટિએ આ વિષય પર હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં વિચાર ગોષ્ઠિ નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વિચાર ગોષ્ઠીમાં મુખ્ય વકતા તરીકે કેતનભાઈ શાહ, પ્રાંત સહમંત્રી, ભારતીય વિચાર મંચ, ગુજરાત સુરત ખાતેથી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના વકતવ્યમાં ધર્મપાલ જીના પુસ્તકો અને તે તૈયાર કરવા માટે તેમણે લીધેલી

(અનુ. પાન ૨ ઉપર)




# આઝાદી પછી ધર્મપાલજીનાં પુસ્તકો વિશે સમાજને માહિતી ન મળે તે પ્રકારનું વાતાવરણ સર્જવામાં આવ્યુ હતું : કેતન શાહ

(હમન્યુઝ) પાટણ
પાટણ ખાતે મંગળવારની મોડી સાંજે પાટણનાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની ભગિની સંસ્થા ભારતીય વિચાર મંચ કેશવ માધવ સ્મૃતિ સમિતિ દ્વારા ભારતનો બોધ-ધર્મપાલની દૃષ્ટિએ આ વિષય પર વિચાર ગોષ્ઠિ યોજાઈ હતી. આ વિચાર ગોષ્ઠીમાં મુખ્ય વકતા તરીકે ભારતીય વિચાર મંચનાં પ્રાંત સહમંત્રી કેતનભાઈ શાહે પોતાનાં વકતવ્યમાં ધર્મપાલજીનાં પૂસ્તકો અને તે તૈયાર કરવા માટે તેમણે લીધેલી મહેનતનો ઉલ્લેખ કર્યો હતો.

## પાટણમાં ભારતીય વિચાર મંચ કેશવ માધવ સ્મૃતિ સમિતિ દ્વારા ભારતનો બોધ-ધર્મપાલની દ્રષ્ટિએ વિષય પર વિચાર ગોષ્ઠિ યોજાઈ

અંગ્રેજોનાં પત્રનાં આધારે ૧૮મી સદીનાં સુસંસ્કૃત અને સમૃધ્ધ ભારત વિશેની માહિતી ધર્મપાલજીનાં પૂસ્તકોમાં ઉપલબ્ધ હોવાની વાત કરી હતી. ધર્મપાલજી પોતે ગાંધીજીનાં ચૂસ્ત અનુયાયી હોવા છતાં પણઆઝાદી પછી પણ ધર્મપાલજીનાં પૂસ્તકો વિશે સમાજને માહિતી ન મળે તે પ્રકારનું વાતાવરણ સર્જવામાં આવ્યુ હતું.



ધર્મપાલજીનાં પૂસ્તકો દરેક ભારતીયને ભારત પ્રત્યે ગૌરવ ઉત્પન્ન કરે તે પ્રકારની માહિતીઓથી ભરેલા છે અને ભારત ખૂબ જ પછાત હતો. અને અગ્રેજોએ તેનો વિકાસ કર્યો હતો તેવા પ્રકારના વિચારોથી ઉત્પન્ન થતી ગેરસમજો અને લઘુતા ગ્રંથીને દૂર કરે તેમ છે.

આ પ્રકારનો વિષય વકતા કેતનભાઈ શાહે પાટણનાં શ્રોતાઓ સમક્ષ મૂક્યો હતો. આ કાર્યક્રમમાં શ્રોતાઓ દ્વારા ખૂબ જ સારી રીતે ચર્ચા કરવામાં આવી હતી. તથા પોતે પણ આ વિષયને સમાજમાં લઈ જવાની તૈયારી બતાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કેશવ માધવ સ્મૃતિ સમિતિનાં પ્રમુખ હરેશભાઈ કંસારા તથા ભારતીય વિચાર મંચનાં પાટણ કેન્દ્રનાં મંત્રી વૈદ્ય ભાર્ગવભાઈ ઠક્કર પાટણ જિલ્લા આરએસએસનાં સંઘચાલક ડૉ. નિખીલભાઈ ખમાર તથા નિરંજન પટેલ સહિત મોટી સંખ્યામાં આર.એસ.એસ. અને અન્ય કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# ભારતીય વિચાર મંચ - ગાંધીનગર કેન્દ્ર : વાચક ગોષ્ઠિ

**ભારતીય વિચાર મંચ, ગાંધીનગર કેન્દ્ર દ્વારા નિયમિત પુસ્તકોનું વાંચન કરતા હોય તેવા ગાંધીનગરના તમામ વાંચન રસિકો માટે વાચક ગોષ્ઠિનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત તારીખ ૨૭/૦૩/૨૦૨૨ રવિવારના રોજ વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર, સે-૨૨ ખાતે સવારે ૧૦:૦૦ વાગ્યે દ્વિતીય વાચક ગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું.**





આ બેઠકની શરૂઆતમાં શ્રી અજય ભાઈ રાવલ દ્વારા ભારતીય વિચાર મંચનો પરિચય અને સ્વાગત સંબોધન બાદ શ્રી ભરતભાઇ ગોહિલ દ્વારા વાચક ગોષ્ઠિનો પરિચય અને રૂપરેખા જણાવવામાં આવી હતી. આ બેઠકમાં વાંચકો દ્વારા ગોવર્ધનરામ ત્રિપાઠી લિખિત  સરસ્વતીચંદ્ર, ધ્રુવ ભટ્ટ દ્વારા લિખિત તત્વમસિ, તિમિરપંથી, પ્રશાંત પોળ લિખિત ભારતીય જ્ઞાનનો ખજાનો, જ્યોર્જ ઓવેલ લિખિત એનિમલ ફાર્મ, વીણા ગોળકર લિખિત એક હતો કાર્વર, સુરેશ દલાલ સંપાદિત મારું પ્રિય પુસ્તક, સતીશચંદ્ર મિત્તલ લિખિત અને હસમુખ જોશી દ્વારા અનુવાદિત પુસ્તક બંધારણ બિનસાંપ્રદાયિકતા અને ધર્માંતરણ જેવા અનેક પુસ્તકો પર ચર્ચા થઇ અને વિચારોનું આદાન-પ્રદાન થયું હતું. ચર્ચાના અંતે ભારતીય વિચાર મંચના ઓનલાઈન પોર્ટલ vmanthan.org અંગે માહિતી આપવામાં આવી હતી. બધા વાચકોએ આવી ગોષ્ઠિ દર મહિને યોજાય એવી લાગણી વ્યક્ત કરી

# ભારતીય વિચાર મંચ, આણંદ કેન્દ્ર

ફાગણ વદ તેરસ, વિ.સં. ૨૦૭૮ (તા.૩૦ માર્ચ, ૨૦૨૨) બુધવારના રોજ ભારતીય વિચાર મંચ, આણંદ તથા અનુસ્નાતક ઇતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે 'સ્વાધીનતા સંગ્રામમાં ગુજરાત' વિષય ઉપર એક વિચારગોષ્ઠિ સંપન્ન થઇ.




માનવ વિદ્યાભવનના 'આદિ શંકરાચાર્ય સભાગૃહ'માં આયોજિત આ ગોષ્ઠિનો વિષય 'ઇતિહાસ સંકલન સમિતિ', ગુજરાત પ્રાંત મહામંત્રી શ્રી હસમુખભાઇ જોશીએ પ્રસ્તુત કર્યો. આદિ શંકરાચાર્યના જ ઉદાહરણના માધ્યમથી પ્રાચીનકાળમાં ભારતના એકત્વની સમજણ આપી વિષય પ્રવેશ થયો. રાષ્ટ્રવિરોધી તાકાતો દ્વારા પ્રયત્નપૂર્વક વિસ્મૃત કરાવવામાં આવેલ શૌર્યપૂર્ણ ઇતિહાસની કેટલીક વિગતો રજૂ કરી હતી.



સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરનાર સમાજના દરેક ક્ષેત્રોના અસંખ્ય ગુમનામ નાયકો, ક્યારેય પ્રકાશમાં જ ન આવી હોય તેવી પણ ખૂબ મહત્વપૂર્ણ ઘટનાઓ તથા સ્થાનિક લોકોને પણ પરિચય ન હોય તેવા આણંદની જ આજુબાજુનાં ગામડાઓનો લોકજુવાળ... જેવી બાબતોનો ઐતિહાસિક પૂરાવાઓ સહિત ઉલ્લેખ થયો.



ઇતિહાસના જ વિષયમાં કામ કરી રહેલા શોધ છાત્રો, પ્રાધ્યાપકો તથા ઉપસ્થિત રહેલા નગરના વિચારશીલ લોકો આ તથ્યો જાણી હેરત પામ્યા. કાર્યક્રમમાં યુવા વિચારકો તથા બહેનોની સંખ્યા નોંધપાત્ર રહી. ૧૭૦ની બેઠક સંખ્યા ધરાવતું સભાગૃહ પૂર્ણ સમય સુધી ખીચોખીચ ભરાયેલું રહ્યું. વક્તવ્યના અંતે પ્રશ્નોત્તરીમાં પણ ખૂબ રસપ્રદ ચર્ચા થઈ. મંચ દ્વારા પ્રકાશિત અન્ય સાહિત્યની સાથે સાથે આ વિષય ઉપર પણ વધુ માહિતી આપી શકે તેવા પુસ્તકોની પણ સહભાગીઓએ મોટા પ્રમાણમાં ખરીદી કરી.

# ભારતીય વિચાર મંચ - ગાંધીનગર કેન્દ્ર : પ્રબુદ્ધ સંવાદ

**ભારતીય વિચાર મંચ ગાંધીનગર દ્વારા "કાશ્મીર ફાઇલ્સ ની હિંદુ સમાજ પર અસર" એ વિષય પર પ્રબુદ્ધ સંવાદ કાર્યક્રમનું આયોજન થયું.**



**ગાંધીનગર: ચૈત્ર સુદ છઠ, વિ.સં. ૨૦૭૮ (તા.૭/૪/૨૦૨૨), ગુરુવારના રોજ વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર, સેક્ટર-૨૨ ખાતે સાંજે ૭.૦૦ વાગ્યે ગુજરાતના વૈચારિક જગતમાં કાર્યરત એવા ભારતીય વિચાર મંચના ગાંધીનગર કેન્દ્ર દ્વારા "કાશ્મીર ફાઇલ્સ ની હિંદુ સમાજ પર અસર" એ વિષય પર પ્રબુદ્ધ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર મહાનગરમાંથી વિવિધ ક્ષેત્રોમાં સક્રિય જેવા કે શિક્ષણ, વકીલ, સરકારી અધિકારી, ડોક્ટર, ઈજનેર વગેરે મળી કુલ ૩૦ જેટલા પ્રબુદ્ધજનોએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં બધાએ વારાફરતી કાશ્મીર ફાઇલ્સ ફિલ્મ વિશે, સન ૧૯૯૦ માં બનેલી ઘટનાઓ, કાશ્મીરમાં ફરવા જતી વખતે થયેલા પોતાને થયેલા અનુભવો વગેરે તાદૃશ રજુ કર્યા હતા. કાર્યક્રમમાં સામેલ તમામ પ્રબુદ્ધજનોએ આ વાતનો સ્વીકાર કર્યો કે આજની યુવા પેઢીને ભૂતકાળમાં બનેલી ઘટનાઓ વિશે ખૂબ જ**

ઓછું જ્ઞાન છે અને કાશ્મીર ફાઇલ્સ ફિલ્મે યુવાઓમાં હિંદુઓ પર થયેલા અત્યાચારો પ્રત્યે એક જુવાળ ઉભો કર્યો છે. આ યુવાશક્તિને હવે યોગ્ય દિશામાં વાળવી જરૂરી છે. શાળામાં શિક્ષકોએ પણ પોતાની ફરજ સમજીને વિદ્યાર્થીઓને સાચા ઇતિહાસની માહિતી આપવી જોઈએ.



બધાએ અંતે આશા વ્યક્ત કરી કે જલ્દીથી કાશમીરમાં કાશમીરી હિન્દુઓનું પુનઃસ્થાપન થાય. બધા પ્રબુદ્ધજનોએ દર મહિને આ પ્રકારના રાષ્ટ્રનિર્માણને લગતા વિષયો પર ચર્ચા સત્રનું આયોજન થાય એવી લાગણી વ્યક્ત કરી ભારતીય વિચાર મંચનો આભાર વ્યક્ત કર્યો.

# ભારતીય વિચાર મંચ - ભૂજ કેન્દ્ર : પ્રબુદ્ધ સંવાદ

**BVM ભુજ કેન્દ્ર દ્વારા "કાશ્મીર ફાઈલસ અને બંગાળ હિંસા" વિષય પર ચર્ચા સત્રનું આયોજન કરવામાં આવ્યું.**



**ઉપસ્થિત સભ્યોએ નીચે મુજબ પોતાના મંતવ્યો આપ્યા:**

**આ ફિલ્મ બાદ હિંદુ જન માનસ પર ખૂબજ ઊંડી અસર થઈ છે. બોલીવુડ માં વર્ષોથી એક ટ્રેન્ડ સેટ થયેલો જોવા મળી રહ્યો હતો તે નેરેટીવમાં પણ ફેરફાર થશે. વર્ષ ૨૦૧૪ બાદ સત્તા પરિવર્તનથી જે સામાજીક અને રાજકીય ફેરફાર ભારતમાં જોવા મળી રહ્યા છે તે માટે હિંદુઓએ સંગઠિત થવું પડશે. સમાજવાદ - જ્ઞાતિવાદથી ઉપર આવી હિંદુ સમાજે હજુ પણ વધારે એકત્રિત થવું પડશે. કાર્યક્રમમાં મંચના સભ્યો -  યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.**




## પુસ્તક પરિચય

**વિનાશપર્વ : અંગ્રેજોનું ભારત પર રાજ.**

**લેખક - પ્રશાંત પોળ**

**અનુવાદ - શ્રીકાંત કાટદરે**

**પ્રકાશક - ભારતીય વિચાર મંચ**




**એક સમયે ભારત વિશ્વ સિંહાસન પર બિરાજમાન દેશ હતો. જે હજારો વર્ષ સુધી પોતાના ઉદ્યોગ, વ્યાપાર, સેવા અને અધ્યાત્મની ધરોહરથી આ સિંહાસન પર બેસીને જગતપિતાનું દાયિત્વ નિભાવતો રહ્યો. સમગ્ર વિશ્વને કલ્યાણકારી બનવાની પ્રેરણા આપતો રહ્યો અને પોતાની આ વિશ્વકલ્યાણક ભાવનાને ખૂણે ખૂણે પહોંચાડીને જગતકલ્યાણ કરતો રહ્યો. આ સ્થિતિએ ભારત પર વિદેશી આક્રમકો દ્વારા કરવામાં આવતા અનેક આક્રમણોનો ભારતીયો દ્વારા જડબાતોડ જવાબ આપી અહીંથી તગેડી મૂકવામાં આવ્યા. પરંતુ**

પાછળથી આવેલા બર્બર એવા વિદેશી આક્રમણખોરો દ્વારા અહીંની સંપત્તિ અને ચકાચૌંધ જોઇને લૂંટ શરૂ કરવામાં આવી. સલ્તનત અને મુઘલ કાળ પૂર્ણ થયા સુધી પણ અહીંથી એ વૈભવ અને વારસો લુપ્ત થયો ન હતો.

ત્યારે જે ભારત પર વિદેશી ધરતીની બીજી અનેક પોર્ટુગીઝ, ડચ, ફ્રેન્ચ, અંગ્રેજી જેવી યુરોપિયન પ્રજાનું આગમન થયું હતું. આ પ્રજા બર્બર હોવાની સાથે પાશવી, ક્રૂર, નિર્દયી અને નિર્મમ પણ હતી. અનેક ક્ષેત્ર, જેવાં કે નૌકાયાન ઉધોગ, વસ્ત્ર ઉધોગ, શિક્ષણ ક્ષેત્ર, ચિકિત્સા ક્ષેત્ર, ઔષધિ ક્ષેત્ર, ઉત્પાદન ક્ષેત્ર વગેરેનો નાશ કરીને અને પોતાને ઉન્નત બનાવવાનો તેણે સંપૂર્ણ પ્રયાસ કર્યો હતો. ભારતમાં ખૂબ મોટા મોટા નરસંહારો કરી ભારતીયોની સામૂહિક હત્યા કરવામાં આવી હતી. અસુરોને પણ સારા કહેવડાવે તે પ્રકારનો વ્યવહાર તેઓએ ભારતીયો સાથે આચર્યો હતો.

આ સ્થિતિમાં ઉન્નત એવી ભારતીય વ્યવસ્થાઓ કેવી રીતે નાશ પામી, તેનાં કારણો તેની પદ્ધતિ અને તેનાં પરિણામો વગેરે તમામ બાબતોને ખૂબ જ રોચકશૈલીમાં પરોવીને લેખક શ્રી પ્રશાંત પોળે તેને શબ્દબદ્ધ કરી છે. માત્ર એટલું જ નહીં તે અંગેના તમામ આધાર પુરાવા, દસ્તાવેજોની વિગતોનો પણ અહીંયા તેઓએ સમાવેશ કર્યો છે. ધર્મપાલજી દ્વારા કરવામાં આવેલા સંશોધનના જેવું જ એક મહત્વપૂર્ણ, તથ્યાત્મક અને વિગતવાર- માહિતીસભર આલેખન લેખક દ્વારા કરવામાં આવેલ છે. જો આ પુસ્તક આજે જ ન લખાયું હોત તો આઝાદીના ૭૫ વર્ષે પણ નવી પેઢી આ માહિતી પ્રાપ્ત ન કરી શકત અને પોતાના ગૌરવપૂર્ણ વારસાને જાણી ન શકત અથવા પોતાના પર 'ન્યાયપ્રિય' કહેવાતા એવા અંગ્રેજી રાજ્યમાં કેટલા અત્યાચારો થયા છે, તેની કલ્પના માત્ર પણ ન કરી શકત. તેથી ભારતની આગામી પેઢી-યુવાપેઢી માટે આ પુસ્તક ખૂબ જ મહત્વપૂર્ણ છે.

નવ પ્રકરણમાં સમાવિષ્ટ વિગતોના આધાર/પુરાવા માટે લીધેલા ૯૬ સંદર્ભોની સૂચિ ઉપર પણ એક નજર નાખવા જેવી છે. પુસ્તકના અંતમાં શબ્દશઃ મૂકેલ The Macaulay Minutes સ્તબ્ધ કરી દેનારી છે.

# વિચાર બોધ

**ઈશ્વર પરની શ્રદ્ધા**

**નાનો પરીવાર ધરાવતી એક અતિ ગરીબ સ્ત્રીએ એક વાર ભગવાનની મદદ માગવા રેડીઓ સ્ટેશને ફોન કર્યો.**

**એક નાસ્તિક માણસ પણ આ રેડીઓ કાર્યક્રમ સાંભળી રહ્યો હતો. તેણે પેલી ગરીબ સ્ત્રીની મજાક ઉડાવવાનું નક્કી કર્યું.**

**તેણે એ સ્ત્રીનું સરનામુ નોંધી લીધું અને પોતાની સેક્રેટરીને સારી એવી ખાધસામગ્રી ખરીદીને પેલી સ્ત્રીને ત્યાં પહોંચાડી આવવાની આજ્ઞા કરી. પણ તેણે પોતાની સેક્રેટરીને એક વિચિત્ર સૂચના આપી. તેણે કહ્યું જ્યારે એ ગરીબ સ્ત્રી પૂછે કે, આ ખાવાનું કોણે મોકલાવ્યું છે ત્યારે જવાબ આપવો કે, એ શેતાને મોકલાવ્યું છે.**

**સેક્રેટરી એ તો પોતાના બોસની આજ્ઞા પ્રમાણે સારી એવી માત્રામાં ખાધસામગ્રી ખરીદી અને પેલી ગરીબ સ્ત્રીના ઘરે પહોંચાડી. ગરીબ સ્ત્રી તો આટલી બધી ખાધસામગ્રી જોઈને રાજીના રેડ થઈ ગઈ. આભારની લાગણી અનુભવતાં અનુભવતાં તેણે એ બધો સામાન પોતાના નાનકડા ઘરમાં ગોઠવવા માંડ્યો.**

**સેક્રેટરી એ થોડી રાહ જોયા બાદ જ્યારે ગરીબ સ્ત્રીના તરફથી કોઈ સવાલ ન થયો ત્યારે અકળાઈને સામેથી જ પૂછી નાખ્યું," શું તમને એ જાણવાની ઈચ્છા નથી કે આ બધું કોણે મોકલાવ્યું?'**

**ગરીબ સ્ત્રીએ જવાબ આપ્યો, ''ના રે ના... જેણે મોકલાવ્યું હોય તેનો ખૂબ ખૂબ આભાર માનજો. મને એની પરવા નથી એ જે કોઈ પણ હોય, કારણ કે, જ્યારે મારો ભગવાન હુકમ કરે ત્યારે શેતાને પણ તેની આજ્ઞાનું પાલન કરવું પડતું હોય છે!...**

# Join BVM (ભારતીય વિચાર મંચ)

વિચાર સર્વોપરી છે. વિચારો વ્યક્તિની ચેતનાના સ્તરને અસર કરે છે. તેથી દરેક વિચાર યોગ્ય દિશામાં અને અસરકારક પ્રસ્તુતિ સાથે સર્જનાત્મકતાનું પ્રથમ પગલું છે. ભારતીય વિચાર મંચ માને છે કે આ સંપૂર્ણ વિચાર પ્રક્રિયા આપણા સમાજ અને સંસ્કૃતિનું ચાલક બળ છે.

ભારતીય વિચાર મંચ આ વૈચારિક આંદોલનનું નેતૃત્વ કરી રહ્યું છે. ભારતીય વિચાર મંચ આપ સૌને આ વૈચારિક ચળવળનો એક ભાગ બનવા નિવેદન કરે છે, અને "કાર્યકર્તા" બનીને આ વૈચારિક ચળવળમાં તમારો ટેકો આપશો.

ભારતીય વિચાર મંચના કાર્યકર્તા બનવા માટે નીચેની લિંક દ્વારા તમારી માહિતી શેર કરીને મંચ માં જોડાઇ શકો છો

https://forms.gle/mrueb1RyFh4UthxdA

***

આપના પ્રતિભાવો અહીં આપેલ ઈમેલ : bvmguj@gmail.com અથવા વૉટ્સએપ નંબર : 7405862697 ઉપર આપ મોકલી શકશો.